રાજ્યમાં પીએમ પોષણ યોજના હેઠળ વિદ્યાર્થીઓને બપોરના ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર આપવાની મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહર યોજનાનાં મેનુમાં જરૂરી સુધારો કરી સુખડી યોજનાને વિરામ આપવા બાબત.

ગુજરાત સરકાર.
શિક્ષણ વિભાગ.
ઠરાવ ક્રમાંક: **ED/RMR/e-file/3/2025/5036/R-Mid-Day Meal**
સચિવાલય, ગાંધીનગર.

<u>વંચાણે લીધા-</u>

(૧) શિક્ષણ વિભાગનો તા.૩૦/૧૧/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક **ED/RMR/e-file/3/2024/4682/R- MDM**
(૨) શિક્ષણ વિભાગનો તા.૬/૦૬/૨૦૧૩ નો ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૩/૪૩/ર
(૩) શિક્ષણ વિભાગનો તા.૨૭/૦૨/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક:- **CMMS /health/e- file/104/2024/0055/amal-4**
(૪) કમિશનર પી.એમ.પોષણ યોજનાની કચેરી, ગાંધીનગરનો તા.૨૯/૦૭/૨૦૨૫નો પત્ર ક્રમાંક:- **PM/POSHAN (MDM)**/અમલ/-૨/૨૦૨૫/૮૭
(૫) કમિશનર પી.એમ.પોષણ યોજનાની કચેરી, ગાંધીનગરનો તા.૦૯/૧૦/૨૦૨૫નો પત્ર ક્રમાંક:- **CMMS /new menu/e-file/104/2024/0400/amal-3**
(૬) કમિશનરશ્રી પી.એમ.પોષણ યોજનાની કચેરીનો તા.૩૦/૧૦/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: **CMMS/0131/10/2025**

<u>આમુખ:-</u>

પી.એમ. પોષણ યોજના હેઠળ રાજ્યની ૩૨૨૩૦ શાળાઓના અંદાજીત સરેરાશ ૩૮.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને બપોરનું ગુણવત્તાયુક્ત ભોજન આપવામાં આવે છે. સુપોષિત ગુજરાત મિશન હેઠળ રાજ્યની પોષણલક્ષી યોજનાઓને સુદૃઢ કરી વ્યાપ વધારવા અનેક નવા આયોજન હાથ ધરાયેલ છે. તથા વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના વિભાગના તા. ૩૦/૧૧/૨૦૨૪ ના ઠરાવથી રાજ્યમાં પી.એમ.પોષણ યોજના હેઠળ આવરી લેવાયેલ સરકારી અને ગ્રાંટ-ઇન-એઇડ શાળાઓના બાલવાટીકાથી ધોરણ-૮ સુધીના અંદાજીત સરેરાશ ૩૮.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને બપોરના ગુણવત્તાયુક્ત ભોજન ઉપરાંત મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના (સી.એમ. બ્રેકફાસ્ટ સ્કીમ) હેઠળ વિદ્યાર્થીઓને એકસમાન જથ્થો અને કેલરી ધરાવતી પૌષ્ટિક અલ્પાહાર આપવાનું ઠરાવેલ હતુ.

પીએમ પોષણ યોજના અંતર્ગત વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના ઠરાવથી શિક્ષણ વિભાગના રચાયેલ ટેકનીકલ એડવાઈઝરી કમિટીમાં શિક્ષણ વિભાગના તા.30/૦૫/૨૪ના પત્રથી નિયત થયેલ ખાસ આમંત્રિત સભ્યોનો સમાવેશ કરી પીએમ પોષણ યોજનાનાં વાનગી મેનુમાં ફેરફાર કરવા અંગેની સમિતિનું ગઠન થયેલ છે. જે સમિતિની બેઠક નિયામકશ્રી, ભારતીય જાહેર આરોગ્ય સંસ્થાન, ગાંધીનગરના અધ્યક્ષસ્થાને તા.૦૬/૦૫/૨૦૨૫ના રોજ યોજાયેલ, જેમાં મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના અને અન્ય બાબતો અંગે ગહન સમિક્ષા હાથ ધરવામાં આવેલ. તેમજ ભારત સરકારશ્રીના સ્કુલ શિક્ષા અને સાક્ષરતા વિભાગનાં તા.૧૫/૦૩/૨૦૨૫ના પત્રથી માન. પ્રધાનમંત્રીશ્રીની પહેલ "મન કી બાત" કાર્યક્રમમાં તેમનું પ્રમાણ ઘટાડવા બાબતે સૂચન થયેલ છે. જેને ધ્યાને લેતાં પીએમ પોષણ યોજનામાં "ફીટ ઇન્ડીયા મૂવમેન્ટ અંતર્ગત પ્રોટ્રીન-એનર્જી રેશિયાને ધ્યાને લેતા તેલની માત્રા ઓછી કરવા બાબતે કમિટી દ્વારા નિર્ણય લેવાયેલ છે.

નિયામકશ્રી, ભારતીય જાહેર આરોગ્ય સંસ્થાન, ગાંધીનગરના અધ્યક્ષસ્થાને મળેલ બેઠકમાં કરવામાં આવેલ સૂચન મુજબ તથા બાળકોની સવાદ-રૂચીને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાના મેનુમાં જરૂરી સુધારો કરવા તથા અલ્પાહરના મેનુમાં સુખડીને સામેલ કરી હોવાથી અઠવાડિક આપવામાં આવતી સુખડી બંધ કરવા અંગેની કમિશનરશ્રી પી.એમ. પોષણ યોજનાની કચેરી,

[redacted]


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

Scanned with OKEN Scanner

ગાંધીનગરના વંચાણે લીધા ક્રમાંક (૪), (૫) અને (૬) સામેના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

કાળજીપૂર્વકની વિચારણાને અંતે. રાજ્યમાં પી.એમ. પોષણ યોજના હેઠળ આવરી લેવાયેલ સરકારી અને ગ્રાંટ ઇન-એઇડ શાળાઓના બાલવાટીકાથી ધોરણ -૮ સુધીના અંદાજીત સરેરાશ ૩૮.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓને બપોરના ગુણવત્તાયુક્ત ભોજન ઉપરાંત મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના (સી.એમ.બ્રેકફાસ્ટ સ્કીમ) હેઠળ આપવામાં આવતા બ્રેકફાસ્ટના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના આ વિભાગના તા.૩૦/૧૧/૨૦૨૪ ના ઠરાવથી નિયત મેનુમાં નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબનો ફેરફાર કરવા તથા સુખડી યોજનાને વિરામ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

<u>મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના (સી.એમ. બ્રેકફાસ્ટ સ્કીમ)</u>

| મુખ્ય મંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાનું મેનુ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| દિવસ | મેનુ | સામગ્રી | માત્રા (ગ્રા) | બજાર કિંમત | નિયત થયેલ કિંમત | કુલ પ્રોટીન (ગ્રા) | કુલ એનર્જી(Kcal) |
| સોમવાર | મગ ચાટ | મગ | 25.0 | 3.13 | 5.0 | 6 | 104 |
| | (મગ, ટામેટા., ડુંગળી, વગેરે) | શાકભાજી | 10.0 | 0.80 | | | |
| | | સીંગતેલ | 03.0 | 0.57 | | | |
| | | બળતણ | | 0.50 | | | |
| મંગળવાર | વેજીટેબલ પૌવા | પૌવા | 30.0 | 1.93 | 5.0 | 5 | 179 |
| | (સીંગદાણા, બટેટા, ડુંગળી,ટામેટા,બીટ, વગેરે) | શાકભાજી | 10.0 | 0.80 | | | |
| | | સીંગદાણા | 8.0 | 1.2 | | | |
| | | સીંગતેલ | 3.0 | 0.57 | | | |
| | | બળતણ | | 0.50 | | | |
| બુધવાર | મીક્ષ કઠોળ ચાટ | મીક્ષ કઠોળ | 25.0 | 2.38 | 5.0 | 6 | 129 |
| | (ચણા, મગ,મઠ,ચોળા) | શાકભાજી | 10.0 | 0.80 | | | |
| | (સીંગદાણા, ટામેટા, ડુંગળી વગેરે) | સીંગદાણા | 5.0 | 0.75 | | | |
| | | સીંગતેલ | 3.0 | 0.57 | | | |
| | | બળતણ | | 0.50 | | | |
| ગુરૂવાર | શ્રી અન્ન (મીલેટ) સુખડી | શ્રી અન્ન લોટ | 20.0 | 0.8 | 5.0 | 4 | 233 |
| | (શ્રી અન્ન લોટ, સીંગદાણા, ગોળ, વગેરે) | સીંગદાણા | 5.0 | 0.75 | | | |
| | | સીંગતેલ | 10.0 | 1.90 | | | |
| | | ગોળ | 15.0 | 1.05 | | | |
| | | બળતણ | | 0.50 | | | |
| શુક્રવાર | વેજીટેબલ ઉપમા | રવો | 25.0 | 1.63 | 5.0 | 5 | 166 |
| | (સીંગદાણા, બટેટા,ડુંગળી,ટામેટા, વટાણા, ગાજર,વગેરે) | શાકભાજી | 10.0 | 0.80 | | | |
| | | સીંગદાણા | 10.0 | 1.50 | | | |
| | | સીંગતેલ | 3.0 | 0.57 | | | |
| | | બળતણ | | 0.50 | | | |


Scanned with OKEN Scanner

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| શનિવાર | વેજીટેબલ પૌવા | પૌવા | 30.0 | 1.93 | 5.0 | 5 | 179 |
| | (સીંગદાણા,બટેટા,ડુંગળી,ટામેટા,બીટ,વગેરે) | શાકભાજી | 10.0 | 0.80 | | | |
| | | સીંગદાણા | 8.0 | 1.20 | | | |
| | | સીંગતેલ | 3.0 | 0.57 | | | |
| | | બળતણ | | 0.50 | | | |
| સરેરાશ | | | | | 5.0 | 5 | 177 |

<u>શરતો:-</u>

(૧) સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કાર્યરત કેન્દ્રીકૃત રસોડા માટે તા. ૩૦/૧૧/૨૦૨૪ ના ઠરાવથી નિયત થયેલ હાલમાં અમલી મેનુ મુજબ કાર્યવાહી કરવાની રહે છે.

(૨) પીએમ પોષણ યોજનાની તમામ વાનગીઓને સ્વચ્છ અને યોગ્ય પદ્ધતિથી સ્વાદિષ્ટ બનાવવા માટે એસ્ટ્રલ ફાઉન્ડેશનના સહયોગથી પ્રસ્થાપિત “સેન્ટર ઓફ એક્સેલન્સ ઇન ન્યુટ્રીશન ફોર પીએમ પોષણ, ભારતીય જાહેર આરોગ્ય સંસ્થાન, ગાંધીનગર” દ્વારા તમામ વાનગીઓ માટેની રેસીપી બુક અને વિડિયો ક્લીપ બનાવીને જરૂરી માત્રામાં પુરી પાડવામાં આવશે. જેનો અમલ કરવાનો રહેશે.

(3) મુખ્યમંત્રી પૌષ્ટીક અલ્પાહાર યોજનાના નવીન સંભવિત મેનુના અમલીકરણ પછી સ્થાનિક કક્ષાએ નવીન મેનુનો સ્વિકાર કેટલો થાય છે. તેમજ કેટલી સરળતાથી લાગુ કરી શકાય છે તેની સમિક્ષા કરવી જરૂરી છે. તેના માટે કમિટીએ મેનુ લાગુ કર્યાના એક મહિના બાદ સર્વે કરવા માટે સૂચન કરેલ છે. મુખ્યમંત્રી પૌષ્ટીક અલ્પાહાર યોજનાના નવીન સંભવિત મેનુનો સર્વે એસ્ટ્રલ ફાઉન્ડેશન'ના સહયોગથી પ્રસ્થાપિત ‘સેન્ટર ઓફ એકસેલન્સ ઇન ન્યુટ્રીશન ફોર પીએમ પોષણ, ભારતીય જાહેર આરોગ્ય સંસ્થાન, ગાંધીનગર'ની ટીમના સહયોગથી કરી શકાય, જેના પર કમિટી દ્વારા ભાર મુકવામાં આવ્યો હોઈ તે મુજબનું આયોજન કરવા કમિશનરશ્રીથી પીએમ પોષણ યોજનાની કચેરીએ કરવાનું રહેશે.

(૪) વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૩૦/૧૧/૨૦૨૪ ના ઠરાવની અન્ય તમામ બાબતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર સરકારશ્રીની તા. ૦૩/૦૩/૨૦૨૬ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(તુષાર પટેલ)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી/અંગત સચિવશ્રી/ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન, મંત્રીશ્રીના (નાણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, મંત્રીશ્રી, પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મુખ્ય સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના અધિક સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રા.મા.શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.


*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

Scanned with OKEN Scanner

- એકાઉટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
- કમિશનરશ્રી, પી.એમ.પોષણ યોજનાની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર , ગાંધીનગર.
- જિલ્લા કલેક્ટરશ્રી (તમામ જિલ્લા) કમિશનર પી.એમ.પોષણ યોજનાની કચેરી મારફત.
- નાણા શાખા (શિક્ષણ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, અમદાવાદ / ગાંધીનગર.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ , સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત)
- શાખા સિલેક્ટ ફાઇલ -૨૦૨૬



Scanned with OKEN Scanner